## ટ્રેક નં. ૧૦ : આત્માને ઓળખવા વિષે

✻ કેડે છોકરુ અને ગામમાં ગોતવા નીકળ્યો છે? પોતે જ આત્મા અને પૂછે છે મને આત્મા ઓળખાવો. તો ઓળખીયે આત્માને પૂજ્ય બેનશ્રીની તત્ત્વચર્ચામાંથી.

✻ માંગલિક :

✻ ભક્તિ : સત્ય શરણ આત્મા તણું, અમને સદાય રહેજો સાથ,
જેણે આતમ જાણ્યો, તેને આતમ સહાય,
ભવ ચોરાશીથી બચ્યો, બસ આતમ છે સુખકાર,
કે સમરુ પ્રથમ આતમદેવ,(૨) લેવા સુખના લ્હાવા કાજે.

❀ બહેનશ્રી : તું સિદ્ધ ભગવાન જેવો જ છો અને સિદ્ધ ભગવાનના સ્વભાવ જેવો તારો સ્વભાવ છે માટે તું તે રૂપે પરિણમીને પુરુષાર્થ કરી શકાય એવો છે એમ તું સ્વીકાર કર. એમ આચાર્યદેવ અને ગુરુદેવ એમ કહે છે કે 'અમે તારા આત્મામાં સિદ્ધ ભગવાનની સ્થાપના કરી છે કે તું સિદ્ધ ભગવાન જેવો છો' એમ તું સ્વીકાર કર. એમ શ્રોતાએ પોતે સ્વીકાર કરવાનો છે જે ગુરુદેવ કહે છે. એને સામે શ્રોતા એવા છે કે સ્વીકાર કરે છે કે 'હું સિદ્ધ ભગવાન જેવો છું' માટે જેમ ગુરુ કહે છે એમ સ્વીકાર કરીને એ રીતે પરિણમી જા. એમ સ્થાપના કરવાની છે. 'જેમ અનંતા સિદ્ધો છે એવો જ હું સિદ્ધ ભગવાન જેવો છું.' મારો સ્વભાવ એવો છે માટે હું તે રૂપે થઈ શકે એમ છું. કાંઈ મારામાં કાંઈ નથી એમ હું કેમ કરું? એમ નથી. એટલે ગુરુદેવ અને આચાર્યો સિદ્ધ ભગવાનની સ્થાપના કરે છે શ્રોતાના આત્મામાં જ. 'સિદ્ધ ભગવાન જેવો છું' એમ સ્વીકાર કર. જેવા સિદ્ધ ભગવાન એવો જ તું છો' એમ સ્થાપના આચાર્યદેવ અને ગુરુદેવ કૃપા કરીને શિષ્યને સિદ્ધ ભગવાન જેવો કહે છે કે 'તું સિદ્ધ છો, ભગવાન છો' એમ સ્વીકાર કર. એટલે શ્રોતા જો પાત્ર શ્રોતા હોય તો એ સ્વીકાર કરી લે છે કે હા. 'હું સિદ્ધ

ભગવાન જેવો છું' એમ પછી એને યથાર્થ પછી ભલે પરિણમન થાય પણ પહેલા એમ નક્કી કરે કે હા, મને ગુરુદેવે કીધું કે 'તું સિદ્ધ ભગવાન જેવો છું એમ તું સ્વીકાર કર' એમ ગુરુએ સ્થાપના કરી એમ કહે છે. અમે તને સિદ્ધ ભગવાન જેવો માનીને ઉપદેશ આપીએ છીએ. તું નહીં સમજ એમ નથી કહેતા. 'તું સિદ્ધ ભગવાન જેવો જ છો' એમ તું નક્કી કર તો તારો પુરુષાર્થ પ્રગટ થાશે.

❀ બહેનશ્રી : શુભાશુભ ભાવથી અને અન્યભાવથી હું અત્યંત જુદો આત્મા છું. વચ્ચે શુભભાવ આવે પણ એ બંધનું કારણ છે. ચૈતન્ય શુદ્ધ આત્મા છું એ શુદ્ધ આત્માને ઓળખવાનો પ્રયત્ન કર. એ ન થાય તો એનું ચિંતવન, મનન, દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા અંતરમાં ચૈતન્ય દેવ કેમ ઓળખાય ? એનો પ્રયત્ન કરવા જેવો છે.

❀ બહેનશ્રી : ભગવાનના દ્રવ્ય, ગુણ, પર્યાયને ઓળખે તે પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને ઓળખે. પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને ઓળખે તો ભગવાનના દ્રવ્ય, ગુણ, પર્યાયને ઓળખે એમ શાસ્ત્રમાં આવેલું છે. આત્માને ઓળખે તે ભગવાનને ઓળખે અને ભગવાનને ઓળખે તે આત્માને ઓળખે એમ શાસ્ત્રમાં આવેલું છે. પોતાની ખામીને લઈને જ અનંતકાળથી રખડ્યો છે એમ ગુરુદેવે કહ્યું છે. બધે પોતાની ખામી છે. પોતાનો પુરુષાર્થ ઓછો છે. જન્મ મરણ કરે છે અનાદિકાળથી તે પોતાની ખામી છે, પોતાની કચાશ છે. પોતે જ પુરુષાર્થ કરે તો પોતે સમીપ જ છે ભગવાન આત્માની સમીપ. પણ પોતે પુરુષાર્થ કરતો નથી. અંતરમાં બધો ખજાનો પડ્યો છે આત્માનો પણ તે એના ઉપર જોતો જ નથી. અંતરદષ્ટિ કરે તો દેખાય એવો છે. દેવ-ગુરુ-શાસ્ત્ર મળ્યા છે. પણ પોતે ઓળખવાનો પ્રયત્ન કરતો નથી. સ્થૂળ બુદ્ધિ છે. સૂક્ષ્મ દષ્ટિ કરે તો ઓળખાય. અંતરમાં સૂક્ષ્મ દષ્ટિ કરી નથી. ભગવાનને ઓળખવાની સૂક્ષ્મ દષ્ટિ કરી નથી. સ્થૂળ સ્થૂળ બધું જોયે રાખેલું છે અનંતકાળથી. એટલો બધો આળસૂડો અનાદિકાળનો છે. દુઃખી થાય તો ભલે થાય પણ આળસૂડો તો એવો

છે, અનાદિકાળના વિભાવમાં દુઃખી થઈ રહ્યો છે. શુભાશુભ ભાવ કરી અનેક જન્મમરણ કર્યા પણ તત્ત્વને ઓળખ્યો નહીં. શું ચૈતન્ય તત્ત્વ છે ? શું દેવ, ગુરુ, શાસ્ત્ર કહી રહ્યા છે ? તે ઓળખવા પ્રયત્ન કરતો નથી. બહારનો બહાર સ્થૂળ, સ્થૂળ થોડું કરીને જાણે ઘણું કર્યું એમ લાગે છે. પોતાને ઓળખવાની પોતાના હાથની વાત છે. મૂળ સ્વભાવ તે અંદર. સ્વભાવની અંદર બધું ભરેલું છે. પણ અંતરમાં જઈને જુએ તો દેખાય. પુરુષાર્થથી જાણે તો ઓળખાય. પોતે પોતાનું કરવું એમાં આળસૂડો. એટલું ગુરુદેવે તો સમજાવ્યું છે પણ પોતે સમજતો નથી.

❀ બહેનશ્રી : 'કે ઈધર આવો, ઈધર આવો યે તેરા સ્થાન હૈ. એ સબ અપદ હૈ યે તેરા પદમેં નિવાસ કરો.' સમયસારમેં બહોત આતા હૈ.

(મુમુક્ષુ : આતા હૈ. સારા ખુલાસા મહારાજસાબને કિયા!) મૂળ ખુલાસા ઉસને કિયા કૌન જાનતે થે ? કોઈ નહીં જાનતે થે. (મુમુક્ષુ : સમયસારકા અર્થ ભી કૌન જાનતે થે ? વો તો બોલતે થે કે વો તો મુનિકા શાસ્ત્ર હૈ.)

સબ શાસ્ત્રકો, અધ્યાત્મ શાસ્ત્રકો ખોલ દિયા, સબકો બિલકુલ ઐસા કર દિયા જૈસે આચાર્યો કા હૈ (મુમુક્ષુ : અનાદિ-કાલકે રંકકો ભગવાન બનાકર રખ દિયા.) તું ભગવાન હૈ, તું ભગવાન આત્મા હૈ.

✻ અહીં આવો, અહીં આવો, અહીં આવો, અહીં આવવા જેવું છે એમ આચાર્યદેવ કહે છે. આ તારું પદ છે. એ ગુરુદેવ વારંવાર કહેતા હતા કે આત્મા ભગવાન છે, ચૈતન્ય ભગવાન છે, પરમાં કાંઈ કરી શકતો નથી. પોતાનું કરી શકે છે. પરદ્રવ્ય જુદું અને પરદ્રવ્ય ગુણ, પર્યાય બધા આત્માથી જુદા છે. આત્મા પોતે પોતામાં કરી શકે છે. એમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર બધું આત્મામાંથી પ્રગટે છે. બહારથી કાંઈ આવતું નથી. માટે અંતરદૃષ્ટિ કરે અને અંતરમાં ઉંડો ઉતરે અને અંતરની પરિણતિ પ્રગટ કરવાની છે. આત્મા કાંઈ જુદો જ બતાવતા

હતા. આત્માનું સ્વરૂપ કાંઈ જુદું જ બતાવતા હતા. બધાને અંતરમાં કાંઈ આત્મા જુદો જ છે એવી એમની વાણી હતી. એ વિચાર, વાંચન, મહિમા અંતરથી વિરક્તિ કરીને આત્માની મહિમા કરવા જેવી છે. ગુરુદેવે બતાવ્યું છે. સ્વાનુભૂતિ પ્રગટ કરે તો મુક્તિનો માર્ગ પ્રગટ થાય એવું છે. અંશ પ્રગટ કરવાથી બધું પ્રગટ થાય છે પણ એને માટે ભેદજ્ઞાનની ધારા પ્રગટ કર કે 'હું ચૈતન્ય જુદો છું. બધાથી જુદો, વિભાવ પર્યાય થાય તે પણ ચૈતન્યનો સ્વભાવ નથી. એનાથી પણ હું જુદો ચૈતન્ય.' વારંવાર ચૈતન્ય જુદો, ન્યારો, વારંવાર એવી પરિણતી પ્રગટ કરવાથી આત્મા નિર્વિકલ્પ તત્ત્વ છે. નિર્વિકલ્પ તત્ત્વની ઓળખાણ કરી એમાં લીનતા કરવાથી સ્વાનુભૂતિ પ્રગટે તો એ જ માર્ગ છે. એ નો પ્રગટે ત્યાં સુધી ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવાનો એનો પ્રયાસ કર, દૃષ્ટિ કર.

✻ ક્ષયોપશમ જ્ઞાનના જ ખંડ પડે એના વિશેષો થાય, એને તોડીને પોતે અખંડ ઉપર દૃષ્ટિ કરે. અખંડ જ્ઞાન પ્રગટ કરે. 'અખંડ હું જ્ઞાયક જ છું.' એના મતિ, શ્રુતના ભેદો ગૌણ થાય એમાં પણ ક્ષયોપશમના વિશેષો પણ ગૌણ થાય એના ઉપર દૃષ્ટિ હોતી નથી. ભેદ ને પર પરિણતીને તોડી નાખે છે. ભેદના કથનો, ક્ષયોપશમના વિશેષ—એના ઉપરથી દૃષ્ટિ છૂટીને સ્વભાવ તરફ જાય છે. અખંડ એક આત્મા પ્રચંડ જ્ઞાન પ્રગટ થાય. બળવાન પોતે પુરુષાર્થ કરીને પ્રચંડતા કરવાથી આત્મામાં પ્રચંડજ્ઞાન પ્રગટ થાય છે. જ્ઞાનનો ઉદય થાય છે. પર પરિણતીને તોડી નાખે છે. રાગ તરફ જે પરિણતી જાતી'તી તે તૂટી જાય છે. સ્વભાવની પરિણતિ પ્રગટ થાય છે. ભેદ, ભેદ, ભેદ ઉપરથી દૃષ્ટિ જ્યાં ગઈ. દૃષ્ટિ તૂટીને સ્વભાવની અનુભૂતિ થઈ. સ્વભાવની તરફ પરિણતિ દોડી ગઈ એટલે એમાં વિશેષ ખંડ પડતા હતા તે ખંડખંડ રહ્યાં નહીં અને અખંડ જ્ઞાન પ્રગટ થયું. એને પૂર્ણ થવાને તો વાર છે. અંશ પહેલા પ્રગટ થાય ત્યારે એને સાચું જ્ઞાન પ્રગટ થયું. સ્વાનુભૂતિથી, સ્વાનુભૂતિથી, એમાં જ્ઞાન આવે, જ્ઞાનની

પરિણતિ પ્રગટ થાય. અખંડ, ઉદ્યોતરૂપ અખંડ એક પ્રચંડ જ્ઞાન પ્રગટ થાય છે અભેદ, જેમાં ભેદનાં કથનો પણ નથી. ભેદ ઉપર દૃષ્ટિ પણ નથી એવું જ્ઞાન પ્રગટ થયું. એમાં કર્તા, ક્રિયા, કર્મની પ્રવૃતિ ક્યાં ઊભી રહે એમ? સ્વભાવની પ્રવૃતિ આગળ વિભાવની પ્રવૃતિ તો ક્યાંય દૂર ભાગી જાય છે. વિભાવ પ્રવૃતિ તો અલ્પ થઈ જાય છે. એની એકત્વબુદ્ધિ તૂટી એટલે વિભાવની પ્રવૃતિ તૂટી ગઈ. એમાં છેલ્લે આશ્રવથી નિવૃત થઈ ગયો. અનંતુ ગયું એટલે નિવૃત જ થઈ ગયો એમ કહે છે. પોતે દૃષ્ટિ-સમ્યક્‌દર્શનની એ હિસાબે નિવૃત્ત થઈ ગયો. અલ્પ રહે છે ત્યાં સમયસારમાં ગૌણ કરી નાખ્યું છે, પર પરિણતિ તોડી નાખી, અલ્પ છે તો તેને કહે છે કે મૂળ જે હતું એનું મૂળીયું—એકત્વ બુદ્ધિ તૂટી એટલે બધું તૂટી ગયું. સ્વભાવ તરફ પરિણતિ દોડી ગઈ છે. સ્વભાવનું મૂળ ગ્રહણ થયું એટલે બધું આત્મામાંથી જ એના બધા અનેક જાતના અંકુરા ફાલ ફૂટી નીકળ્યા આત્મામાંથી. અનંત ગુણ છે એનો બધો એમાંથી આવવા લાગ્યો. ઓલો વિભાવનો ફાલ અલ્પ હતો તેની જગ્યાએ ને ઓલો ફાલ આવવા લાગ્યો. ચૈતન્યમાંથી ઈ ગ્રહણ કર્યું. એના મૂળમાં દૃષ્ટિ અને જ્ઞાનનું સિંચન થયું તે ચૈતન્યમાંથી ફાલ આવે છે. ચૈતન્યની શુદ્ધ, નિર્મળ પર્યાયના ગુણમાંથી બધું પ્રગટે છે. ઈ ફાલ શરૂ થઈ ગયો. એમાંથી નવો નવો ફાલ આવે છે. ઓલો ફાલ તૂટી ગયો. હવે ઈ તો સુકાઈ જવાના. થોડા થોડા લીલા રહેશે. પછી સૂકાઈ જશે. પણ એને હવે પાણીનું સિંચન મળતું નથી. ઈ તરફ પરિણતિ તૂટી ગઈ. હવે અલ્પ રહી પરિણતિ. પહેલા તો વિભાવને સિંચન મળતું હતું. એની પર તરફ દૃષ્ટિ બળવાન હતી. એટલે એ વિભાવ તરફ દોડતો હતો એકત્વ બુદ્ધિથી, એમાં એનું રસ અને સિંચન કરતો હતો. એકત્વ બુદ્ધિનું બળ હતું એનું સિંચન કરતો હતો. એનું જ્ઞાન ઈ તરફ જાય, એની દૃષ્ટિ ઈ તરફ જાય, એની પરિણતિ બધી અસ્થિરતાની એક વાર શ્રદ્ધા ઈ તરફ જાય એટલે અને બધું સિંચન મળતું હતું એટલે

વિભાવનો જ ફાલ આવ્યા કરતો હતો. એક પછી એક જન્મ ધારણ કરે ને અને એક પછી એક વિભાવ અંદરથી અનેક જાતની વિભાવ પરિણતિ પ્રગટ્યા કરે. વિભાવનો જ ફાલ આવ્યા કરે અનંતકાળથી. આ એની દૃષ્ટિ બદલાઈ ગઈ. દૃષ્ટિ ને જ્ઞાનની પરિણતિ બધું આત્મા તરફ ગયું એટલે બધું સિંચન આત્માના મૂળમાં મળી ગયું એટલે આત્મામાંથી ફાલ આવ્યો હવે એને આત્મામાંથી અનેક જાતનો નવો નવો ફાલ આત્મામાંથી મળવા મંડ્યો. ઓલું તો આત્મામાં ભર્યું'તું બધુંય. પણ એને ઈ સિંચન નહોતો કરતો એટલે ઈ પ્રગટ નહોતું થતું. એના મૂળમાં તો બધું હતું જ. સ્વભાવ સુખધામ, આનંદધામ, આત્મા, જ્ઞાન ધામ આત્મા તો હતો પણ એની તરફ જતો નહોતો એટલે એનો ફાલ આવતો નહોતો. ઓલામાં તો કાંઈ નહોતું વિભાવમાં, તોય ઈ તરફ પોતે જઈને દુઃખના બધા ફાલ ઉભા કરતો હતો. દુઃખના બધા ડુંગરા ઉભા કરતો હતો એ તરફ દૃષ્ટિ મૂકીને. આમાં તો અનંતતા ભરેલી છે. સુખધામ, આનંદધામ. આમાં તો અનન્ત અનન્તું ભર્યું છે. તે અનંત ફાલ આવવાનો હવે તો, ક્રમે ક્રમે કરતો કરતો એ ફાલ તો એવો આવશે કે એમાંથી પછી સૂકાશે જ નહીં. આ તો એવો ફાલ કે એ લીલો, લીલોછમ જેવો ફાલ રહેવાના. એનું સિંચન કર્યા કરે, પછી તો એનું સિંચન પણ નહીં કરવું પડે. એનો ફાલ એમનેમ રહ્યા જ કરવાનો છે. જે ફાલ આવ્યો ઈ આવ્યો સાદી અનંત. કહે છે ને એના મૂળમાંથી પાણી મળ્યા કરે ઝાડને, એટલે પાણી અંદર નાખવું જ ન પડે. આ તો મૂળ ચૈતન્ય પોતે જ શક્તિઓથી ભરપૂર છે. સાધના એની અમુક ટાઈમ કરે કે સાધના પૂરી થઈ જાય. અને ઈ તો એને જે પ્રગટ્યું, જે લીલુંછમ થયું, તે થયું. એ પછી સુકાવાનું જ નથી. એના મૂળમાંથી જ બધું એને. મળ્યા કરે છે. મૂળમાંથી જ એને ચૈતન્ય પોતે જ ઈ રૂપે પરિણમી ગયો. જ્ઞાયકદેવ પધારે એવો સંબંધ છે નિમિત્ત ઉપાદાનનો, ભગવાન જિનેન્દ્રદેવ પધારે તો એમાં જ્ઞાયકદેવ પણ પધારે.

✻ પ્રશ્ન : આમ મોટો પરમાત્મા છે તે પુરુષાર્થમાં એને હું એવો છું એને બેસતું કેમ નથી ?

● ઉત્તર : પુરુષાર્થમાં એને હું એવો છું એમ બેસતું નથી આમ પુરુષાર્થમાં નબળાઈ આવી ગઈ છે અને આમ એને 'હું એવો છું' એમ બેસતું નથી. અને આમ મોટું થવું ગમે એવું થઈ જાય છે. આમ એમ થઈ ગયું છે કે હું કાંઈ નથી. 'તું ભગવાન છો.' ગુરુદેવે બધાને સંસ્કાર પાડ્યા છે કે 'તું ભગવાન છો, ભગવાન છો.'

ભક્તિ : અરે ! કોઈ તો બતાવો રે મેરા આતમ હૈ કૈસા ? (૨)
અરે ! કોઈ તો બતાવો રે મેરા આતમ હૈ કહાં ?
ભૈયા, તેરા આતમ તો તેરે હી પાસ હૈ,
બહેના તેરા જ્ઞાયક તો તેરે હી જ્ઞાનમેં.
જ્ઞેયોમેં ક્યું ? (૨) ઢુંઢતા ફિરે કે આતમ તો આતમમેં (૨)

❀ બહેનશ્રી : પહેલા તો એવું બધાને હતું આપણે ભગવાન શેના? (કેવી રીતે?) ભગવાન હોય ઈ ભગવાન (મુમુક્ષુ : એમ જ હતું.) એમ જ હતું. ગુરુદેવે એવા સંસ્કાર પાડી દીધા છે કે 'તું ભગવાન છો.' ગુરુદેવ વારંવાર વારંવાર કહે કે 'તું ભગવાન છે.'

✻ પ્રશ્ન : આપણે પહેલા અંતરમાં કેવી રીતે પ્રત્યક્ષ કરવો આત્માને ?

● ઉત્તર : જ્ઞાન લક્ષણથી પ્રત્યક્ષ થાય એવો છે. જે એને જ્ઞાન લક્ષણ જણાઈ રહ્યું છે એ ઈ કોઈ તત્ત્વ છે. જ્ઞાન છે ઈ કાંઈ અંદર નથી. એ તત્ત્વ છે. એ તત્ત્વ જ જ્ઞાન સ્વરૂપ છે. જેમાં આ જડ તત્ત્વ દેખાણું એ જ્ઞાનતત્ત્વ છે. જે સહજ તત્ત્વ છે. જે આનંદ સાગરથી ભરેલો, જ્ઞાન સાગરથી ભરેલો એક ચૈતન્ય તત્ત્વ છે. એને પોતે પ્રતીતથી નક્કી કરે કે 'આ જ્ઞાન સ્વભાવ તે જ હું' પછી એની પ્રગટ પ્રસિદ્ધિ કારણે આચાર્યદેવ કહે છે કે તારો ઉપયોગ જે બહાર જાય છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો વિકલ્પ જે તારો ઉપયોગ બહાર જાય છે તે ઉપયોગને એમાં સમાવી દે તો એની પ્રગટ પ્રસિદ્ધિ થાય છે.

પહેલા એના પ્રતીતથી એમાં લક્ષણ ઓળખીને નક્કી કરે કે આ જે જ્ઞાન સ્વભાવ ઈ જ્ઞાનતત્ત્વ છે. જ્ઞાયક તત્ત્વ, ચૈતન્ય તત્ત્વ છે, આનંદ સાગર, જ્ઞાન સાગરથી ભરેલો એક તત્ત્વ છે ઈ તત્ત્વને પ્રતીત કરીને પછી મતિશ્રુતનો ઉપયોગ જે બહાર જાય છે ઈ ઉપયોગને તું અંતરમાં સમાવી દે. તે ઉપયોગ અંતર ચૈતન્યમાં લીન કરી દે તો એની પ્રગટ પ્રસિદ્ધિ સ્વાનુભૂતિ રૂપે થાય, ઈ જગતથી જુદો એવો વિશ્વ ઉપર તરતો જુદો આત્મા એને પ્રગટ થાય છે એની પ્રતીતિ કરે તો એની પ્રગટ પ્રસિદ્ધિ થાય છે. પણ પ્રતીતિ, એની પ્રતીતિ એવી હોય છે. પ્રત્યક્ષ જેવી જ. પ્રત્યક્ષ પ્રત્યક્ષ. એનો દઢ નિર્ણય કરીને ચૈતન્ય તત્ત્વનો આશ્રય કરીને એના બળથી આગળ જાય છે કે આ જ છે. બીજું કાંઈ છે જ નહીં. આજ માર્ગ છે. આજ માર્ગે જઈએ તો (આત્મા ઓળખાશે).

✻ બહેનશ્રી : દેવ, ગુરુ, શાસ્ત્ર નિમિત્તભૂત છે. પોતાનું ઉપાદાન જ્યારે તૈયાર થાય ત્યારે થાય છે. નિમિત્ત તો પ્રબળ હોય છે ગુરુનું ને દેવનું. પણ પોતે અંદરથી ઉપાદાન સ્વતંત્ર. પોતે પોતાના અપરાધથી અનાદિકાળથી પરિભ્રમણ કર્યું. વિભાવ પરિણતિમાં રોકાણો એને લઈને જન્મમરણ થયા. એ પોતે પોતાથી જ રોકાયેલો છે. એના કર્મ તો માત્ર નિમિત્ત છે કારણ કે બળજબરીથી કર્મ પરાણે કરાવતું નથી. પોતે સ્વતંત્ર છે. એમ પુરુષાર્થ કરવામાં પણ પોતે જ સ્વતંત્ર છે. પોતે પોતાના પુરુષાર્થથી પલટો ખાય. એને ગુરુએ જે બતાવ્યું છે એને ગ્રહણ કરીને જો પોતે પલટો ખાય તો થઈ શકે એમ છે. શાસ્ત્રમાં આવે છે કે પાણી મેલું હોય એને કોઈ ફટકડીથી, એને કોઈ ઔષધિથી નિર્મળ કરવામાં આવે છે ઈ પોતાનો પુરુષાર્થ, એમ આત્મા પણ પોતે પુરુષાર્થ કરીને અંતરમાં ઔષધિ એટલે કે પોતે પોતાના જ્ઞાનરૂપી ઔષધિને પોતે પોતાના પુરુષાર્થથી જે નિર્મળ આત્મા આત્મા પોતે સ્વભાવે તો નિર્મળ જ છે પણ એને પોતે જ્ઞાનથી એને બરાબર આગળ કરીને 'આ જુદું જ્ઞાન છે અને વિભાવ જુદો

છે.' એમ પોતાના પુરુષાર્થથી એને જુદું પાડે તો જુદું પડે એમ છે. સ્વભાવ તો નિર્મળ છે પણ પ્રગટ પર્યાયમાં નિર્મળ પોતાના પુરુષાર્થથી થાય છે. પોતે જ એનાથી જુદો પડે છે. ભેદજ્ઞાન કરે છે. સ્વાનુભૂતિ કરે છે ઈ બધું પોતે જ કરે છે. પોતાને જરૂરિયાત જણાય તો પોતે પલટો ખાય છે. મારે આ આત્મા જ જોઈએ છે. આત્માની સ્વાનુભૂતિ અને આત્માનો જે સ્વભાવ જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણોથી ભરપૂર છે ઈ મારે જોઈએ છે. એવી જો પોતાને જરૂરિયાત જણાય તો પોતે જ પલટો ખાય છે તો એ બહારમાં રોકાઈ શકતો નથી તો એને જો પોતાને જરૂરિયાત જણાય તો પોતે જ પલટો ખાય છે એ પોતાના પુરુષાર્થથી થઈ શકે. કોઈ એને પરાણે કરાવતું નથી. પોતે કરે તો થાય એમ છે.

❀ બહેનશ્રી : આત્મામાં અશુદ્ધતા થઈ નથી. માત્ર પર્યાયમાં થઈ જાય છે અને એ પર્યાય પલટે છે. એ પર્યાય-ચૈતન્યના પર્યાયમાં જે રાગ થાય છે તે પોતાના પુરુષાર્થની મંદતાએ થાય છે અને આત્મા વસ્તુ સ્વભાવે શુદ્ધ છે. એના ઉપર દૃષ્ટિ કરીને એ પર્યાયને શુદ્ધ કેમ કરવી ? ઈ પુરુષાર્થની દોરી કેમ પ્રગટ કરવી ? ઈ બધું એનામાં આવી જાય છે. દ્રવ્ય, ગુણ, પર્યાયમાં આખું વસ્તુનું સ્વરૂપ આવી જાય છે. અહીં દ્રવ્ય સાથે ગુણો અનંત રહેલા છે. અને પર્યાય શુદ્ધ થઈ શકે છે. બધું એમાં આવી જાય છે. આખું વસ્તુનું સ્વરૂપ આવી જાય છે. સ્ફટિક સ્વભાવે નિર્મળ છે. પણ એમાં લાલાશ નિમિત્ત. નિમિત્ત હોય પણ પોતાથી પોતાની યોગ્યતાના કારણે થાય છે. નિમિત્ત તો એને કાંઈ કરતું નથી પણ પોતાની એવી યોગ્યતા છે એટલે થાય છે, પણ સ્ફટિક સ્વભાવે નિર્મળ છે એમ આત્મા દ્રવ્ય શુદ્ધ છે. પર્યાયમાં મલિનતા છે. એ બધું એમાં આવી જાય છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી જ્ઞાયકની ધારા પ્રગટે અને એમાં લીનતા કરવાથી પર્યાય પણ શુદ્ધ થઈને શુદ્ધ પર્યાય પ્રગટે છે. બધું આવી જાય છે અને એ રસ્તે સ્વાનુભૂતિ, એ રસ્તે મુનિદશા, એ રસ્તે કેવળજ્ઞાન. બધું એમાં આવી

જાય છે. નવ તત્ત્વ, દ્રવ્ય, ગુણ, પર્યાય બધું આવી જાય છે.

❀ બહેનશ્રી : બહારથી થાતું નથી, બહારથી—બહારની ક્રિયાઓથી થાતું નથી. અંતરદૃષ્ટિ કરવાથી થાય છે. એ તો વચ્ચે શુભભાવ આવે છે. એટલે વચ્ચે એ બધી ક્રિયા આવે પણ એનાથી કાંઈ મુક્તિ માર્ગ નથી. એ બધું આખું સ્વરૂપ આવી જાય છે. એમાં એક આત્માને ઓળખે અને સ્વાનુભૂતિ પ્રગટ કરે એમાં બધું આવી જાય છે.

❀ બહેનશ્રી : કોઈ મતોમાં દ્રવ્ય એકાંતે શુદ્ધ છે, પર્યાય નથી. કોઈ કહે કે ક્ષણિક છે, કોઈ કહે કે નિત્ય છે, એ દરેક પડખાંઓ સ્વાનુભૂતિમાં બધા પડખાં આવી જાય છે. અનેકાંતનું બધું સ્વરૂપ આવી જાય છે. દ્રવ્યદૃષ્ટિ મુખ્ય છે પણ આ બધું સાથે હોય છે. જ્ઞાયકને ઓળખો એની સાથે વિરક્તી, મહિમા બધું સાથે હોય. દરેક પડખાંઓ આવી જાય છે. એના ભાવમાં બધું આવી જાય છે. પછી બહારમાં એ કેટલું કહી શકે એ જુદી વાત છે. એના ભાવમાં બધું આખું બધું આવી જાય છે.

❀ બહેનશ્રી : ઈ ચૈતન્ય તત્ત્વ છે ને એ શાશ્વતો છે. બધું એમાં. આનંદ છે, સુખ છે, બધું એમાં છે. જ્ઞાન છે. બધું ભરેલું છે. એનો જ્ઞાન સ્વભાવ એવો છે કે બધાથી ગ્રહણ થાય એવો. એને ગ્રહણ કરવો. બસ ! બાકી આ શરીર કાંઈ જાણતું નથી, એ જુદું છે. અંદર સંકલ્પ, વિકલ્પ થાય એ પોતાના સ્વભાવ નથી એ પણ જુદા છે. એની અંદર અંદરને અંદર ઉંડો ઉંડો એક ચૈતન્ય તત્ત્વ જ્ઞાયક બિરાજે એને ઓળખી લેવો. એ જ જીવનમાં કરવા જેવું છે. બસ ગુરુદેવ એક આ જ કહેતા. એમાં અનંત આનંદ, અનુપમ તત્ત્વ છે. એની મહિમા લાવીને ઈ જ કરવા જેવું છે. એ થાય જ. ન થાય ત્યાં સુધી એની મહિમા કરે, એની તરફ વારંવાર દૃષ્ટિ દેવી. 'હું તો જુદો જ છું' અને દેવ, ગુરુ, શાસ્ત્રને હૃદયમાં રાખવા જેવા છે. જિનેન્દ્ર ભગવાને સંપૂર્ણ ચૈતન્ય તત્ત્વ પ્રગટ કર્યું. ભગવાને, ગુરુ એની સાધના કરી રહ્યા છે.

પંચ પરમેષ્ઠી ભગવાન, ગુરુદેવ કેટલું કહી ગયા છે? આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ભગવાન, મુનિરાજો બધું કહી ગયા છે. અને શાસ્ત્રમાં કેટલું એનું સ્પષ્ટીકરણ? કેટલું આત્માનું સ્વરૂપ આવે છે ? એમાં શ્રુતશાસ્ત્રો જે ભગવાનની વાણીમાંથી નીકળે છે. એનું બહુમાન કરે, શુભભાવમાં એ કરે, અને અંતરમાં આત્મા. એના સિવાય બીજું કોઈ જગતમાં ઊંચું નથી. બસ ! એક જ જીવનમાં કરવા જેવું છે. એ ન થાય ત્યાં સુધી વારંવાર ત્યાં જ દૃષ્ટિ દેવી. એ જ કરવા જેવું છે. જેટલું થાય એટલું, પણ વારંવાર એ જ કરવા જેવું છે. ઝાઝા (વધારે) ક્યાંય ફાંફા મારવાથી થાય નહીં. એક ચૈતન્યતત્ત્વને ગ્રહણ કરે તો કે 'આ કરી લઉં, આ કરી લઉં' એમ નહીં અંતરમાં એક ચૈતન્યને ઓળખવો. આત્માને. વારંવાર વારંવાર આ એક જ કરવા જેવું છે. એનામાં વારંવાર દૃષ્ટિ દે તો એ પ્રગટ થાય એવો છે. જેમ સ્ફટિક રત્ન નિર્મળ એમ આત્મા નિર્મળ છે એના લાલ ને લીલા ફૂલને લઈને ઈ રાતુ પીળું દેખાય એમ ચૈતન્ય એવો દેખાય કે આવો થઈ ગયો, મલીન થઈ ગયો ને ક્રોધી થઈ ગયો ને માની થઈ ગયો પણ અંતરમાં નિર્મળતાથી ભરેલો છે. એને ગ્રહણ કરવાનો, પાણી મેલું દેખાય પણ પાણી સ્વભાવે નિર્મળ છે. અંદર ઔષધિ નાખતા એની નિર્મળતા પ્રગટ થાય એમ ચૈતન્યમાં જ્ઞાનની ઔષધિ દ્વારા પ્રગટ થાય માટે વારંવાર એક જ કરવાનું છે. એને માટે વાંચન, વિચાર બધું એને માટે કરવાનું છે. જન્મ-મરણ ટાળવાનો એક જ ઉપાય છે. વારંવાર ગુરુદેવ એક જ બતાવતા એ જ કરવાનું છે. નિર્વિકલ્પ તત્ત્વ આત્મા હું તો ચૈતન્ય, હું તો જુદો. મનુષ્યભવમાં આત્માનું જ કરવાનું છે. પહેલા ભલે એ બધું છૂટી ન જાય. પહેલેથી છૂટી નથી જાતું, પણ અંદરમાં એક લક્ષ થાય તોપણ જાગૃતિ આવે. તો એનાથી ગૃહસ્થોને બધું છૂટી નથી જાતું પણ અંતરથી રસ તૂટીને ચૈતન્યનો રસ લાગે છે એ એક જ કરવાનું છે. ધ્યેય એક લેવાનું. ઈ જ કરવાનું. ખરો જન્મ સફળ ત્યારે કહેવાય કે જ્યારે આત્માનું ગ્રહણ થાય. માટે મનુષ્યભવ ઘણીવાર મળ્યો પણ

જન્મ સફળ ક્યારે કહેવાય કે અંદર આત્માને ઓળખે. ચૈતન્યને. ત્યારે જ જન્મ સફળ થયો.

✻ પ્રશ્ન : ૧૬મી ગાથામાં કહેલું છે કે પહેલા 'જાણવાનું પછી શ્રદ્ધવાનું' તો ઈ કેવી રીતે જાણવું. આત્મા તો અરૂપી છે ?

● ઉત્તર : અરૂપીને અરૂપીની રીતે જાણવો. અરૂપી છે પણ કાંઈ અવસ્તુ નથી. વસ્તુ છે માટે જણાય છે. જ્ઞાનને જ્ઞાનથી જણાય. જ્ઞાયકને જ્ઞાનથી જણાય છે. જ્ઞાયક અરૂપી અને જ્ઞાન પણ અરૂપી માટે જ્ઞાયક જ્ઞાનથી જણાય છે. એને જાણવા માટે રૂપી વસ્તુની જરૂર પડતી નથી. અરૂપી અરૂપીથી જણાય એમ છે. જ્ઞાન અરૂપી, જ્ઞાયક અરૂપી, જ્ઞાનથી જ્ઞાયક જણાય છે. એને રૂપી વસ્તુની મદદની જરૂર પડતી નથી. વચ્ચે નિમિત્ત હોય છે એટલું બાકી પોતે જાણી શકે છે એના લક્ષણથી. દેવ, ગુરુ, શાસ્ત્રના નિમિત્ત હોય છે પણ ઉપાદાન પોતે તૈયાર કરીને જાણે તો પોતે પોતાને જ્ઞાનથી જ્ઞાન દ્વારા જ્ઞાયક જણાય છે.

✻ પ્રશ્ન : વિકલ્પ દ્વારા નહીં ?

● ઉત્તર : વિકલ્પથી જણાતો નથી. વિકલ્પ વચ્ચે આવે છે. પણ વિકલ્પથી ન જણાય. જ્ઞાયક જ્ઞાનથી જણાય. એ જ્ઞાનથી રચાયેલી ચૈતન્ય વસ્તુ જ છે. જ્ઞાન બહારથી નથી આવતું. એ જ્ઞાન જાણનારો આખી વસ્તુ જ છે. ઈ દ્રવ્ય જાણનાર, એના ગુણ જાણનાર એની પર્યાય પણ જાણનારો. બધી રીતે એ જાણનારો છે. એવી એક વસ્તુ છે. જેમ આ જડ છે ઈ જડ કાંઈ જાણતું નથી. ઈ સ્વયં જાણતું જ નથી. જ્યારે એક જાણનાર વસ્તુ એ બધી રીતે જાણે છે. ઉષ્ણતા બહારથી આવતી નથી. અગ્નિ પોતે જ ઉષ્ણ છે. બરફ પોતે જ ઠંડો છે. ઠંડક બહારથી નથી આવતી એમ જાણવાનું બહારથી નથી આવતી જાણનાર પોતે વસ્તુ જ પોતે છે. બહારના તો બધા નિમિત્તો છે. આને જાણ્યું, આને જાણ્યું, જાણનાર તો પોતે સ્વયં વસ્તુ છે. (તેને ઓળખ).